# વાર્ષિક વિકાસ કાર્યક્રમ ૨૦૧૫-૧૬
# બાગાયત ખાતુ , ગુજરાત રાજ્ય, ગાંધીનગર
# ૨૪૦૧- પાક કૃષિ વ્યવસ્થા

**પ્રસ્તાવના-**

ગુજરાત લગભગ ૧૬૦૦ કિ.મી. લાંબો દરિયા કિનારો ધરાવે છે. હાફુસ કેરીના વિકસ માટે દક્ષિણ ગુજરાત અને કેસર કેરી માટે જુનાગઢનું વાતાવરણ ખુબજ અનુકૂળ છે. કચ્છની ખારેક આખા વિશ્વમાં જાણીતી છે. આ ઉપરાંત રાજ્યમાં કેળાં, લીંબુ, બોર, ચીકુ, નારિયેળ જેવા પાકો માટે પણ વાતાવરણ અનુકૂળ છે. રાજ્યમાં બાગાયતી પાકે ( ફળો, શાકભાજી અને મસાલા) નો કુલ વિસ્તાર ૧૫.૯૬ લાખ હેક્ટર છે.રાજ્યમાં પિયત, સૂકા અને અર્ધ સૂકા વિસ્તારોમાં પણ બાગાયતી ખેતીની ખૂબ ઉત્તમ તકે રહેલી છે. બાગાયત ખેતી ના વિકાસ માટે બાગાયત ને લગતી મહત્વકાંક્ષી યોજનાઓ વાર્ષિક વિકાસ કાર્યક્રમ ૨૦૧૫-૧૬ માં સમાવેશ કરવામાં આવેલ છે.

બાગાયત ખાતા ની યોજનાઓ માટે વાર્ષિક વિકાસ કાર્યક્રમ **૨૦૧૫-૧૬** માં ચાલુ કાર્યક્રમો અંતર્ગત રૂ. **૩૫૧૯૮.૦૦** લાખની અને નવા કાર્યક્રમો માટે રૂ. **૬૦૮.૦૪** લાખની બજેટ જોગવાઈ મળી કુલ રૂ. **૩૫૮૦૬.૦૪** લાખની જોગવાઇ સુચવવામાં આવેલ છે.

**કાર્યક્રમ વાર જોગવાઈ અને કામગીરી નીચે મુજબ છે.**

**1. નિર્દેશ અને વહીવટઃ-**

જુદા જુદા બાગાયત વિકાસ કાર્યક્રમોના અમલ માટે ઓછામાં ઓછા કર્મચારી વર્ગ સાથે બાગાયત વિભાગ ઊભો કરવામાં આવ્યો છે. બાગાયત પ્રવૃત્તિઓ ના અસરકારક અને ઝડપી વિકાસ માટે રાજ્ય, જિલ્લા અને તાલુકા કક્ષાની ક્ચેરીઓ સંગીન બનાવવા વહીવટી અને તક્નીકી તંત્ર, હિસાબો, અંદાજપત્ર નિયમન અને સંકલન વગેરે સહિત તંત્ર વ્યવસ્થા જાળવવા માટે સને ૨૦૧૫-૧૬ના વર્ષમાં રૂ. ૯૫૦.૦૦ લાખની જોગવાઈ ચાલુ કાર્યક્રમો માટે તથા મહેકમ માટે નવી યોજનાઓ જેવી કે (૧) સાત નવા રચાયેલ જિલાઓની નવી જગ્યાઓનું મહેકમ કુલ જગ્યા-૨૦ માટે રૂ. ૧૮૦.૪૧ લાખ, (૨) નાયબ બાગાયત નિયામક, ભરુચની નવી જગ્યા મંજૂર કરવા બાબત માટે રૂ. ૮.૬૦ લાખ મળી કુલ રૂ. ૧૮૯.૦૧ લાખની જોગવાઇ સુચવેલ આમ કુલ રૂ. ૧૧૩૯.૦૧ લાખની જોગવાઇ વર્ષ ૨૦૧૫-૧૬ માટે સૂચવેલ છે.

**૨. સંકલિત બાગાયત વિકાસ કાર્યક્રમ:-**

રાજ્યમાં બાગાયત વિકાસ માટે વિવિધ સંકલિત વિકાસ કાર્યક્રમોનો સમાવેશ કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ માટે વાર્ષિક વિકાસ કાર્યક્રમ ૨૦૧૫-૧૬ માં ચાલુ કાર્યક્રમો માટે રૂ. ૧૨૫૦૦.૦૦ લાખની જોગવાઈ સુચવવામાં આવેલ છે. જેમાં વિવિધ ઘટકોનો સમાવેશ કરવામાં આવેલ છે. જેવા કે ગરીબી રેખા નીચેના ખેડૂતોને વિના મૂલ્યે ઇનપુટસ ક્ટિસ પુરા પાડવા, ફળપાક્નો વાવેતર વિસ્તાર વધારવો, આઇ.પી.એમ./ આઇ.એન.એમ માટે પ્રોત્સાહન, જુની વાડીનું નવિનીકરણ, ટીસ્યુક્લ્ચર રોપાથી વાવેતર વિસ્તાર વધારવો, ક્લસ્ટર એપ્રોચ એરીયા ક્વર્ડ અન્ડર ફ્રુટ ક્રોપ્સ, ફાર્મ મીકેનાઇઝેશનનો કાર્યક્રમ, દરિયાઇ / હવાઈ માર્ગે ફળ, શાકભાજી, મરી મસાલા, ફૂલ, બિયારણ તથા પ્લાન્ટીંગ મટીરીયલ્સને નિકાસ માટે નુરમાં સહાય, ખેડૂત પ્રવાસ, ખેડૂત શીબીર, સેમિનાર, અપ ગ્રેડેશન ઓફ સ્કીલ સ્ટાફ ટ્રેનિંગ, શેડનેટ ઊભા કરવા, બાગાયતી ફળ પાક / ઔષધિય / સુગંધિત પાકોના પ્રોસેસીંગ / ડીસ્ટીલેશન યુનીટ ઊભા કરવા, વેલાવાળા શાક્ભાજી પાકે માટે પાકા માંડવા બાંધવા, ટીસ્યુક્લ્ચર રોપા માટે હાર્ડનીંગ યુનિટ સ્થાપવા, કોલ્ડ સ્ટોરેજ બાંધવા, કાપણી પછીના સાધનો તથા પ્રોસેસીંગ મશીનરીની ખરીદી, પ્લાસ્ટિક ક્રેટસની ખરીદીનો કાર્યક્રમ, લો કોસ્ટ ગ્રીન હાઉસ સ્થાપવા જેવા ઘટકોનો સમાવેશ ક્વામાં આવેલ છે. તેમજ નવી બાબત તરીકે ઇન્ડો-ઇઝરાયેલ વર્ક પ્લાન અંતર્ગત એક્સેલંસ સેન્ટર વદરાડ, તાલાલા અને ભુજ (કુકમા) ખાતે ૧૧- નવી જગ્યાઓનુ મહેકમ ઉભુ કરવા માટે રૂ. ૪૬.૦૦ લાખ, તથા ફળ પાકોના વાવેતર વિસ્તાર વધારવાના કાર્યક્રમ અંતર્ગત રૂ. ૨૦૦.૦૦ લાખ તથા ઓઇલપામ ફ્રેશ ફ્રુટબંચીશ (FFB) ના ટેકાના ભાવની જોગવાઇ સૂચવવા બાબત માટે રૂ. ૧૦.૦૦ લાખની મળી કુલ રૂ. ૨૫૬.૦૦ લાખની જોગવાઇ સૂચવેલ છે. એમ આ કાર્યક્રમ અંતર્ગત કુલ રૂ. ૧૨૭૫૬.૦૦ લાખની જોગવાઇ સૂચવવામા આવેલ છે.

**૩. આદિજાતિ વિસ્તારમાં ( ટીએએસપી) બાગાયત વિકાસ કાર્યક્રમ:-**

આ કાર્યક્રમમાં આદિજાતિ જિલ્લાઓમાં ફળ પાકનો વાવેતર વિસ્તાર વધારવો તથા ફળ રોપા ઉછેર કેન્દ્રો અને પૂર્વ જરૂરિયાતો વધારવા ની પ્રવૃત્તિઓ નો આ યોજનામાં સમાવેશ થાય છે. આ યોજના માટે વાર્ષિક વિકાસ કાર્યક્રમ ૨૦૧૫-૧૬ માં રૂ. ૩૧૫૦.૦૦ લાખની

જોગવાઈ સુચવવામાં આવેલ છે. આ ઉપરાંત ઇયર માર્ક પ્રોવિઝન ટીએએસપી (સ્પેસીયલ ફોર ડાંગ જિલ્લો) માટે રૂ. ૫૦.૦૦ લાખ અને ટી.એ.એસ.પી. ન્યુ ગુજરાત પેટર્ન માટે રૂ. ૧૯૦.૦૦ લાખની જોગવાઇ સુચવેલ છે.

આ યોજનામાં વિવિધ ઘટકોનો સમાવેશ કરવામાં આવેલ છે. જેવા કે ગરીબી રેખા નીચેના ખેડૂતોને વિના મૂલ્યે ઇનપુટસ ક્ટિસ પુરા પાડવા, ફળપાક્નો વાવેતર વિસ્તાર વધારવો, શોર્ટીંગ ગ્રેડીંગનાં સાધનો, સેન્દ્રિય ખેતીનો વાવેતર વિસ્તાર વધારવો, શેઢાપાળા ઉપર બાગાયતી વૃક્ષોનો ઉછેર, સંપૂર્ણ ગામને બાગાયતી ખેતી માટે પ્રોત્સાહન, ફાર્મ મીકેનાઇઝેશનનો કાર્યક્રમ, નવી નર્સરીઓની સ્થાપના અને ચાલુ નર્સરીઓને સુદ્રઢ અને આધુનીકરણનો કાર્યક્રમ, વેલાવાળા શાક્ભાજી પાકો માટે પાક માંડવા બાંધવા, કાપણી પછીના સાધનો તથા પ્રોસેસીંગ મશીનરીની ખરીદી જ઼ેવા ઘટકનો સમાવેશ કરવામાં આવેલ છે. વધુમાં નવી બાબત તરીકે ફળ પાકોના વાવેતર વિસ્તાર વધારવાના કાર્યક્રમ અંતર્ગત રૂ. ૧૦૦.૦૦ લાખ ની જોગવાઇ એમ કુલ મળી રૂ. ૩૪૯૦.૦૦ લાખની જોગવાઇ વર્ષ ૨૦૧૫-૧૬ માટે સૂચવેલ છે.

**૪. અનુસૂચિત જાતિના ખેડૂતો માટે ખાસ અંગભૂત યોજના (એસસીએસપી) હેઠળ બાગાયત વિકાસ કાર્યક્રમ:-**

આ કાર્યક્રમમાં અનુસૂચિત જાતિના ખેડૂતો માટે ફળ પાકનો વાવેતર વિસ્તાર વધારવો તથા ફળ રોપા ઉછેર કેન્દ્રો અને પૂર્વ જરૂરિયાતો વધારવા ની પ્રવૃત્તિઓ નો આ યોજનામાં સમાવેશ થાય છે. આ યોજના માટે વાર્ષિક વિકાસ કાર્યક્રમ ૨૦૧૫-૧૬ માં રૂ. ૧૩૦૦.૦૦ લાખની જોગવાઈ સુચવવામાં આવેલ છે.

આ યોજનામાં વિવિધ ઘટકોનો સમાવેશ કરવામાં આવેલ છે. જેવા કે, ગરીબી રેખા નીચેના ખેડૂતોને વિના મૂલ્યે ઇનપુટસ ક્ટિસ પુરા પાડવા, ફળપાક્નો વાવેતર વિસ્તાર વધારવો, શોર્ટીંગ ગ્રેડીંગનાં સાધનો, સેન્દ્રિય ખેતીનો વાવેતર વિસ્તાર વધારવો, શેઢાપાળા ઉપર બાગાયતી વૃક્ષોનો ઉછેર, ફાર્મ મીકેનાઇઝેશનનો કાર્યક્રમ, નવી નર્સરીઓની સ્થાપના અને ચાલુ નર્સરીઓને સુદ્રઢ અને આધુનીકરણનો કાર્યક્રમ, વેલાવાળા શાક્ભાજી પાકે માટે પાક માંડવા બાંધવા, કાપણીના સાધનો તથા પ્રોસેસીંગ મશીનરીની ખરીદી જેવા ઘટકોનો સમાવેશ કરવામાં આવેલ છે. વધુમાં નવી બાબત તરીકે ફળ પાકોના વાવેતર વિસ્તાર વધારવાના કાર્યક્રમ અંતર્ગત રૂ. ૫૦.૦૦ લાખ ની જોગવાઇ એમ કુલ મળી રૂ. ૧૩૫૦.૦૦ લાખની જોગવાઇ વર્ષ ૨૦૧૫-૧૬ માટે સૂચવેલ છે.

**૫. ફળ અને શાકભાજીની જાળવણી અને તાલીમ ની યોજના:-**

ફળ અને શાક્ભાજીની જાળવણી અને ડબ્બાબંધી કાર્યક્રમ વિકાસ સાથે ગતીમાં ન રહેતો બાગાયત વિકાસ ક્યારેય આર્થિક રીતે નફાકારક ન બને. પૂરતા પ્રમાણમાં જ્યારે શાકભાજી અને ફળો ઉપલબ્ધ થાય ત્યારે તેની જાળવણી કેવી રીતે કરવી તેનું શિક્ષણ મહિલાઓને આપવા માટે ૧૭ સામુહિક ડબ્બાબંધી અને બગીચા કેન્દ્રો ની સ્થાપના કરવામાં આવી છે. ફળ અને શાકભાજીની જાળવણીની રીતો બનાવવા માટે કેન્દ્ર પર ગ્રામીણ વિસ્તારમાં ૭ થી ૧૫ દિવસના ટૂંકા ગાળાના તાલીમ વર્ગો યોજ઼વામાં આવે છે. મોબાઇલ તાલીમ કેન્દ્ર દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં મહિલાઓને સ્વનિર્ભર કરવા માટે પણ આ પ્રકારની તાલીમ આપવામાં આવે છે.તેમજ આ કાર્યક્રમમાં મહિલાઓને ફળ પરિરક્ષણ ની તાલીમ અને ફળ અને શાકભાજીની પરિરક્ષિત બનાવટો બનાવવા માટેના ઘટકનો સમાવેશ થાય છે. આ યોજના માટે વાર્ષિક વિકાસ કાર્યક્રમ ૨૦૧૫-૧૬ માં રૂ. ૭૭.૦૦ લાખની જોગવાઈ સુચવવામાં આવેલ છે.

**૬. નેશનલ મિશન ઓન ઓઇલસીડ્સ એન્ડ ઓઇલપામ (ઓઇલપામ વિકાસ કાર્યક્રમ):-**

ઓઇલપામ વિકાસ કાર્યક્રમમાં ૭૫ ટકા કેન્દ્રનો અને ૨૫ ટકા રાજ્યના હિસ્સાનો સમાવેશ થાય છે. આ યોજના કે જે ૭૫% કેંદ્ર પુરસ્કુત યોજના (માંગણી નં.૨, ૨૪૦૧-૧૦૮-૦૪) હેઠળ જોગવાઇ અલગ કરાવવામાં આવતી હતી પરંતુ વાસ્તવમાં આ યોજના વિવિધ કોમ્પોનન્ટ માટેની છે જે ખેતી ખાતા હસ્તકની કેંદ્ર પુરસ્કુત યોજના તેલીબિયા વિકાસ હેઠળની છે. જેમાં બાગાયત ખાતાના 'ઓઇલપામનર્સરી સ્થાપવાની યોજના'' નો એક ઘટક તરીકે ખેતી ખાતા હસ્તકની જોગવાઇમા જ સમાવેશ થઇ જાય છે જેથી વર્ષ ૨૦૧૫-૧૬ માટે કોઇ જોગવાઇ ન સૂચવવા જણાવવામાં આવે છે. તથા વાર્ષિક વિકાસ કાર્યક્રમ ૨૦૧૫-૧૬ માટે કેન્દ્રના હિસ્સાના રૂ. ૯૯.૦૦ લાખની અને રાજ્યના હિસ્સાના રૂ. ૩૩.૦૦ લાખનો એમ કુલ મળી રૂ. ૧૩૨.૦૦ લાખનો એક્શન પ્લાન ખેતી નિયામકશ્રીને જોગવાઈ સુચવવા મોકલી આપેલ છે.

**૭. સુગંધિત / ઔષધિય છોડ અને ફૂલોની ખેતી ના વિકાસની યોજના:-**

ગુજરાતની કૃષિ આબોહવાની વિવિધતા ને લીધે વિવિધ પ્રકારના સુગંધિત/ ઔષધિય છોડ અને ફૂલોની ખેતી થાય છે. જે નિકાસ માં અને ઘરેલું વપરાશમાં ઘણો અગત્યનો ભાગ ભજવે છે. ગુજરાતને મૂલ્યવાન ફૂલોનો ખજાનો ગણવામાં આવે છે. ખેડૂતો ના સામાજિક ઉત્કર્ષ માટે ખુબજ અગત્યનો છે. તેને અલગ અને વિશિષ્ટ રીતે ઓળખવા જરૂરી છે. ફૂલ છોડ ના ઉછેર માટે તથા ઔષધિય તેમજ સુગંધિત વનસ્પતિઓને જરૂરી પ્રોત્સાહન મળે તે આશયથી આ યોજના માટે વાર્ષિક વિકાસ કાર્યક્રમ ૨૦૧૫-૧૬માં રૂ. ૧૧૦.૦૦ લાખની જોગવાઈ સુચવવામાં આવેલ છે.

આ યોજનામાં વિવિધ ઘટકોનો સમાવેશ કરવામાં આવેલ છે. જેવા કે ફૂલ પાકનો વાવેતર વિસ્તાર વધારવો, સુગંધિત / ઔષધિય પાકનો વાવેતર વિસ્તાર વધારવો, ગ્રીન હાઉસમાં વીજ દરમાં સહાય, ટીસ્યુકલ્ચર યુનીટમાં આવેલ ગ્રીન હાઉસમાં વીજદરમાં સહાય નાગરવેલની ખેતીને પ્રોત્સાહન વગેરેનો સમાવેશ કરવામાં આવેલ છે.

**૮. ગુજરાત રાજ્યમાં બાગાયત વિકાસ અંગેની કે.પુ. યોજના (નારિયેળી વિકાસ કાર્યક્રમ):-**

નારિયેળી વિકાસ કાર્યક્રમ ૫૦ ટકા કેન્દ્રના અને ૫૦ ટકા રાજ્યના હિસ્સાની યોજના છે. આ કાર્યક્રમ માટે સને ૨૦૧૫-૧૬માં કેન્દ્રના હિસ્સાના રૂ. ૧૧.૦૦ લાખની અને રાજ્યના હિસ્સાના રૂ. ૧૧.૦૦ લાખની જોગવાઈ તથા ૧૦૦ ટકાના કેન્દ્રના ઘટક્ના રૂ. ૪૪.૦૦ લાખ સુચવવામાં આવેલ છે એમ કુલ મળી રૂ. ૬૬.૦૦ લાખની જોગવાઇ વર્ષ ૨૦૧૫-૧૬ માટે સૂચવવામાં આવેલ છે.

આ યોજનામાં વિવિધ ઘટકોનો સમાવેશ કરવામાં આવેલ છે. જેવા કે નારિયેળીનો વાવેતર વિસ્તાર વધારવો, નારિયેળી પાક નિદર્શન, સેન્દ્રિય ખાતર યુનિટ તૈયાર કરવા, નારિયેળી નર્સરી ની સ્થાપના જેવા ઘટકોનો સમાવેશ કરેલ છે.

**૯. ગુજરાત રાજ્યમાં બાગાયત વિકાસ અંગેની કે.પુ. યોજના- મિશન ઓન ઇન્ટીગ્રેટેડ ડેવલોપમેન્ટ ઓફ હોર્ટીકલ્ચર- સામાન્ય, એસસીએસપી અને આદિજાતિ કેટેગરીના ખેડૂતો માટે (ગુજરાત હોર્ટીક્લ્ચર મિશન ):-**

ગુજરાત હોર્ટીક્લ્ચર મિશન માં બાગાયત વિકાસ માટે જુદા જુદા કાર્યક્રમોનો સમાવેશ થાય છે. જેમ કે પ્લાન્ટેશન ઇન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ડેવલપમેન્ટ, નર્સરી ડેવલપમેન્ટ, એસ્ટાબ્લીશમેન્ટ ઓફ ન્યુ ગાર્ડન્સ, ક્રીએશન ઓફ વોટર રિસોર્સીંગ, પ્રોટેક્ટેડ ક્લ્ટીવેશન, આઇપીએમ / આઇએનએમ પ્રમોશન, પોસ્ટ હાર્વેસ્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, માર્કેટીંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર જેવા જુદા જુદા કાર્યક્રમોનો સમાવેશ થાય છે.

ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૫-૧૬ માટે નેશનલ હોર્ટીક્લ્ચર મિશન દ્વારા રૂ. ૧૬૮૦૦.૦૦ લાખની જોગવાઇ (૮૫ ટકા કેન્દ્રના અને ૧૫ ટકા રાજ્યના હિસ્સા) મુજબ સૂચવેલ છે. જે મુજબ આ કાર્યક્રમ માટે વાર્ષિક વિકાસ કાર્યક્રમ ૨૦૧૫-૧૬માં ચાલુ બાબત તરીકે (૧) કેંદ્રના ૮૫ ટકા હિસા મુજબ રૂ. ૧૧૧૩૮.૪૦ લાખ તેમજ રાજ્યના ૧૫ % મુજબ રૂ. ૧૯૬૫.૬૦ લાખની જોગવાઈ એમ કુલ મળી રૂ. ૧૩૧૦૪.૦૦ લાખ (સામાન્ય કેટેગરી માટે),(૨) રૂ. ૯૯૯.૬૦ લાખ કેંદ્રના હિસ્સાના તેમજ રાજ્યના ૧૫ % મુજબ રૂ. ૧૭૬.૪૦ લાખની જોગવાઈ એમ કુલ મળી રૂ. ૧૧૭૬.૦૦ લાખ (એસસીએસપી કેટેગરી માટે) તેમજ (૩) રૂ. ૨૧૪૨.૦૦ લાખ કેંદ્રના હિસ્સાના તેમજ રાજ્યના ૧૫ % મુજબ રૂ. ૩૭૮.૦૦ લાખની જોગવાઈ એમ કુલ મળી રૂ. ૨૫૨૦.૦૦ લાખ (ટીએસપી કેટેગરી માટે) ની જોગવાઇ સુચવવામાં આવેલ છે.

**૧૦. અંક્તિ જોગવાઈ માહિતી અને પ્રોધ્યાગીકી (આઇ.ટી.):-**

માહિતી ટેકનોલોજી માટે હાર્ડવેર, કોમ્પ્યુટર સિસ્ટમ ખરીદવા, કર્મચારીઓને તાલીમ આપવા માટે, અદ્યતન માહિતી અને ટેકનોલોજી વિક્સાવવા, વેબ સાઈડ અદ્યતન કરવા જેવી બાબતો માટે સને ૨૦૧૫-૧૬ના વર્ષ માટે રૂ. ૩૫.૦૦ લાખની ઇયર માર્ક જોગવાઈ સુચવવામાં આવેલ છે.

**૧૧. અંક્તિ જોગવાઈ વર્ક્સ (આર & બી):-**

આ યોજના હેઠળ વર્ષ ૨૦૧૫-૧૬ માં નાયબ બાગાયત નિયામકની કચેરી (જિ.કક્ષા) ગાંધીનગર ખાતે આંતર માળખાકીય સુવીધાઓ ઉભી કરવા માટે નવી બાબત તરીકે રૂ. ૧૩.૦૩ લાખની જોગવાઇ સૂચવેલ છે.